4. એકમના મુખ્ય પ્રવેશદ્વાર પર નામદાર NGT ના આદેશાનુસાર વિગતો દર્શાવતા ડિસપ્લે બોર્ડ લગાવવા.	638772(11/02/22)	Still Pending
5. Raw Material Supplier ની વિગતો Details મુલાકાત સમયે રજુ કરેલ ન હોય, ફિનન્સ માં રજુ કરવી.	638772(11/02/22)	Still Pending
3. એકમમા ઉદ્ભવતા ગંદા પાણીના શુધ્ધીકરણ માટે તાત્કાલિક ETP લગાવવા, તથા જોબની કચરાના સંગ્રહ માટે અલાયદો સ્ટોરેજ રૂમ બનાવવા.	638772(11/02/22)	Still Pending

Gujarat Pollution Control Board

PCB Id: 86212

(Inspection Report) - Air,Water,Hazardous

(Under Section 23 of The Water Act 1974, Under Section 24 of The Air Act 1981 and Under Section 18 of EP Act 1986)

Annexure Details - Air,Stack,Hazardous Waste & Samples PCB-ID: (86212)

A Sample Details

B Process Stacks

Sr	Stack attached to	Mts	Remark	Details of APCM	Probable Pollutants.
1	Any Other	18	mixing vessel (12 nos.)	ASC	

C Flue gases Stacks

Sr	Stack attached to	Mts	Remark	SMF	APCM	Fuel	Consp-Unit	Consp-Remk
1	Baby Boiler	18	Steam Boiler (0.8 TPH)	YES	DUS	Agro Waste/Briquettes	400 Kg/Day	
2	D.G. Sets	9	1Kg Set (65 KVA)	YES	N.A	Diesel	4 Lit/Hr	

D Details about Hazardous Waste Management :

Sr	Source of Hazardous Waste	Catg	Qty/Year	HW Disposal Management
1	Used or Spent Oil	1 -5.1	0.006-M.T	COL,REU,STO
2	Chemical sludge from waste water treatment	1 -35.3	50.000-M.T	COL,DSS,STO,TRA

E Products :

Sr	Product Name	NOC Qty	CCA Qty	Applied Qty	Inspection Remark
1	Ferrous Sulphate	80.000	80.000 - M.T	80.000	Total Production: 80 MT/Month

F Raw material :

Sr	Raw Material Name	Capacity - Unit / Month
1	Iron Scrap	60.000 - M.T
2	Sulphuric Acid	30.000 - M.T

G Water Consumption & Generation Break up

Sr	Water Code (Qty in Klpd - Kilo Ltr per Day)	WC : 3.180	WWG : 1.300	Water Source	Remark
1	Agriculture	1.500	0.000	Local Body	
2	Boiler Feed	0.200	0.020	Local Body	
3	Domestic Purpose	1.000	0.800	Local Body	
4	Mnfg Process	0.400	0.400	Local Body	
5	Wash Water	0.080	0.080	Local Body	

H Solid Waste

Sr	Solid Waste Name	Qty/Unit	Coll Mode	Disp Mode
1	Solid Waste	5.000 - M.T	OTH	OTH

Inspection Team : F.M.Modi, ROH - MR. DASHRATHBHAI JESANGBHAI NADODA - MR. HASMUKHKUMAR DINESHCHANDRA SONARA

I hereby affirm, that all the PDF, Data mentioned above, fees paid has been checked & certified.

Signature By(F.M.Modi, ROH)

Dismantled Filter Press 	Plant/machinery dismantling activity initiated 
Loading of dismantled machinery in Truck 	Plant/machinery dismantling activity initiated 
Generated Hazardous Waste 	Plant/machinery dismantling activity initiated 

GPCB

GUJARAT POLLUTION CONTROL BOARD
PARYAVARAN BHAVAN
Sector-10-A, **Gandhinagar**-382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

By R.P.A.D

DIRECTION UNDER SECTION 33-A OF THE WATER (PREVENTION AND CONTROL OF POLLUTION) ACT-1974. (HEREINAFTER REFERRED TO AS THE 'WATER ACT') AS AMENDED FROM TIME TO TIME.

WHEREAS M/s. Adhya Shakti Salt Suppliers, is having a industrial plant at, Survey no.14, Vill-Zinzuwada, Tal; Dasada , Dist: Surendranagar for manufacturing of Ferrous Sulphate.

AND WHEREAS, you have applied for CTE-Fresh for manufacturing of Ferrous Sulphate on dt.28/03/2022 and it is rejected on dt.20/04/2022 for the reasons mentioned therein.

AND WHEREAS, inspection was carried out by the authorized officers of the Board of your industrial plant on 06/04/2022, following was observed:

(1) You have started production activity without prior permission i.e CTE/CCA of the Board.
(2) As per the MOEF&CC notification dated 01/10/2018 Vilage: Zinzuwada falls under Eco-Sensitive Zone of Wild Ass Sanctuary of Gujarat. Your industry is classified as Red Category industry and has pollution potential which is not permitted in this Eco Sensitive Zone.

AND WHEREAS written instructions were given to you during visit as part of opportunity of being heard following the principal of natural justice. Reply made in response is devoid of technical justification & evidences & hence not acceptable. .

UNDER THE CIRCUMSTANCES, I D. M. Thaker (Environmental Engineer) Gujarat Pollution Control Board is directed to issue the directions under Section –33A of the Water (Prevention And Control Of Pollution) Act-1974 with immediate effect as under:-

1. To close down the operation of your industrial plant on the above mentioned site with immediately from date of issue of this order.
2. To direct the concerned authority to disconnect supply of electricity.
3. If your plant runs on captive power plant or DG-Set, than you shall stop them immediately from date of issue of this order.
4. You shall to pay Environment Damage Compensation (EDC) in line of Hon'ble NGT Orders in the matter of 593 of 2017 and others at the time of revocation.

IF the above directions are not complied, you are liable for prosecution under Section (41)(2) of the Water (Prevention and Control of Pollution) Act-1974 which provides punishment with imprisonment for a term not less than one year and six months and may extend to six years and with fine.

For and on behalf of
Gujarat Pollution Control Board
D. M. Thaker 20/4/2022
(D. M. Thaker)
Environmental Engineer

NO: GPCB/ CCA-SN-775/ID:86212/ **Date: /04/2022**

Issued to:
M/s. Adhya Shakti Salt Suppliers
Survey no.14,
Vill-Zinzuwada,
Tal; Dasada, Dist: Surendranagar

Outward No: 85 20/04/2022

C.C:-

To,

1. The Chairman ,
   Paschim Gujarat Vij Company Ltd ,
   (PGVCL) Laxminagar, Rajkot.

2. The Dy. Engineer,(O&M),
   The Paschim Gujarat Vij Co.Ltd(GEB),
   Sub –Divisor - Surendranagar,
   Dist- Surendranagar,.

3. The Dy. Engineer,(O&M),
   The Paschim Gujarat Vij Co.Ltd(GEB),
   Sub –Divison- Dasada, Tal- Dasada.
   Dist- Surendranagar,.

I am directed to request you to disconnect industrial supply of electricity (except single phase) from date of issue of this order & intimate to us accordingly in written.

For and on behalf of
Gujarat Pollution Control Board

D. M. Thaker 20/4/2022

(D. M. Thaker)
Environmental Engineer

Outward No: 659857, 20/04/2022

રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી,
પુડમેર બ્લોક,
રેન્જ ઓફિસ, નાયકી રોડ, પુડમેર, જિ.પાટણ ૩૮૫૨૪૧
Email : rfobajana@gmail.com

કચેરી પત્રાંક/ફો-૨/૨૦૩૩-૨૪

તા: ૧૪/૧૨/૨૦૨૩

પ્રતિ,

વિષય: હદ્દી સેન્સેટીવ ઝોનમા બીન પાવરલેસ બાંધકામ કરવા બાબત

આથી આપને માલુમ કરવામાં આવે કે રેન્જ ફોરેસ્ટ દરમિયાન ઓફિસ ઓફિસના ધ્યાનપોર્ટમા આવેલ છે કે આપ પોતાના ખેતરમા બીન પાવરલેસ પાણીની ટાંકુ અને અન્ય બાંધકામ આપના દ્વારા કોઈપણ જાતની NOC કે પરમીશન વગર ઉભુ કરી રહ્યા આવેલ છે. જે હદ વિસ્તાર હદ્દી સેન્સેટીવ ઝોન મા આવતો વિસ્તાર હોવાથી હદ વિસ્તારમા કોઈપણ પ્રકારનુ કામ કરવા અગાઉથી મંજુરી લેવાની હોય છે. અને જો તેમ કરવામા આવેલ નથી તો હદ વિસ્તારના કાયદા વિરુધ્ધ ફોરેસ્ટગાર્ડશ્રી પાસેથી કરવામા આવતી જોવા જોગ છે.

પ્રતિ

(૧) આસિસ્ટન્ટ ટેક્નીકલ ઓફિસરશ્રી પુડમેર

(૨) રેન્જ ફોરેસ્ટ ઓફિસર પાટણ મુ.ઓફિ

રેન્જ ફોરેસ્ટ ઓફિસર
પુડમેર બ્લોક,
પાટણ

o/c


નકલ સાદર રવાના, જાણ અને જરૂરીકાર્યવાહી પુડમેર બ્લોકપંચાયત પોરેપા તરફ જાણ અર્થે મોકલી આપવા વિનંતી.

જુગલજી ઠાકોર
જુગલજી ઠાકોર

LITTALE RUNN OF KUTCH (KHARAGHODA RUNN AREA)


WILD ASS SANCTUARY AREA




VINAYAK SOLT AND CHEMICALS
VILLAGE-KHARAGHODA TA-DASADA DI SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY


11:32
VINAYAK SOLT AND CHEMICALS
VILLAGE KHARAGHODA TA DASADA DI SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY
23°10'27"N 71°42'51"E
3D
Dropped pin
23°10'27"N 71°42'51"E • 27 m
Imagery date: 31 Mar 2022– newer
Measure


VINAYAK SOLT AND CHEMICALS
VILLAGE KHARAGHODA TA-DASADA DI SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY


VILLAGE-KHARAGHODA TA-DASADA DI SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY


VIJAYA SOLT AND CHEMICALS
VILLAGE-KHARAGHODA TA-DASADA DI SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY


VINAYAK SOLT AND CHEMICALS
VILLAGE -KHARAGHODA TA- DASADA DI- SURENDRANAGAR
NEAR OUT SIDE OF WILD ASS SANCTUARY



SENG FROIDE MARINE CHEM PRA.LTD
VILLAGE- ODU TA-DASADA DI-SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO ENSITIVE ZONE


SPNG PROJECT MARINE CHEM PRJCTD
VILLAGE ODU TA-DABADA DI-SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSITIVE ZONE
Latitude: 23°12'7"N
Longitude: 71°43'25"E
Elevation: 18.56±28 m
Accuracy: 11.3 m
Time: 15-05-2023 12:48


ADHYA SHKATI SOLT SUPLAYERS
VILLAGE- JINJUVADA TA-DASADA- DI- SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSITIVE ZONE
May 15, 2023
23.3513N 71.6538E

તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજ યોજાયેલ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ ઓ.એ. કેસ નં. ૨૭/૨૦૨૩ બાબતે રાખવામાં આવેલ બેઠનું હાજરી પત્રક.

ક્રમ	નામ	હોદ્દો	સહી
૧			
૨	ડૉ. ડી. એચ. પાઠવી	ના. જ. સા.	
૩	ફાલ્ગુન મોદી	આ.અ., ગુ.પ્ર.નિ.બોર્ડ	
૪	A.M. Godil	IO, DJC	
૫	R.D. Mary	Sr.J.J. DCC	
૬	મા. ઈન્ચા. અધિકા		
૭			


ADHYA SHIKATI SOLT SUPLAYEARS
VILLAGE- JJINJUVADA TA-DASADA- DI-SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSITIVE ZONE


ADHYASHKATI SOLT SUPLAYERS
VILLAGE- JINJUVADA TA- DASADA DI :-SURENDRANAGAR
WILDASS SANCTUARY ECO SENSITIVEZONE
May 15, 2023
23.3546N 71.6505E


ADHINATH TECNOCHEM INDUSTRISE
VILLEGE-ODU TA-DASADA DI-SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSETIVE ZONE


ADINATH TECNOCHEM INDUSTRISE
VILLAGE-ODU TA-DASADA DI- SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSFTIVE ZONE


ADINATH TECHNOCEM INDUSTRISE
VILLAGE-ODU TA-DASADA DI -SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO SENSITIVE ZONE


DHYASHAKTI SOLT SUPLAYERS
VILLEGE -JINJUVADA TA- DASADA DI- SURENDRANAGAR
WILD ASS SANCTUARY ECO-SENSETIVEZONE


LITTALE RUNN OF KUTCH (KHARAGODA RUNN AREA)
WILD ASS SANCTUARY AREA


LITTALE RUNN OF KUTCH (KHARAGHODA RUNN AREA)
WILD ASS SANCTUARY AREA
Latitude: 23°10'26"N
Longitude: 71°41'23"E
Elevation: 26.51±56 m
Accuracy: 13.3 m
Time: 15-05-2023 12:03



LITTALE RANN OF KUTCH (KHARAGHODA RANN AREA)
WILD ASS SANCTUARY AREA
Latitude: 23°10'26"N
Longitude: 71°41'22"E
Elevation: 26.51±56 m
Accuracy: 15.2 m
Time: 15-05-2023 12:03
Powered by NoteCam


LETTALE RUNN OF KUTCH (KHARAGHODA RUN AREA)
WILD ASS SANCTUARY AREA
Latitude: 23°10'26"N
Longitude: 71°41'22"E
Elevation: 26.51±56 m
Accuracy: 15.2 m
Time: 15-05-2023 12:02
Powered by NoteCam

VINAYAK SOLT AND CHEMICALS

VILLAGE- KHARAGHODA TA-DASADA DI- SURENDRANAGAR

NEAR OUTSIDE OF WILD ASS SANCTUARY



પંચ રોજકામ

સ્થળ :- કોપરણી

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ ના ઓ.એ. ૨૭/૨૦૨૩ અંતર્ગત હુકમ અન્વયે ગઠન કરાયેલ રાજ્યકક્ષા ની જોઇન્ટ કમિટી ની બેઠક તા. ૧૦/૦૫/૨૦૨૩ ના રોજ થયેલ ચર્ચા મુજબ સુરેન્દ્રનગર જીલ્લાના ધુડખર અભ્યારણ ઇકોસેન્સીટીવ ઝોનની મોનીટરીંગ કમિટી દ્વારા સ્થળ તપાસ(સાઇટ વીઝીટ) આદરીને હકીકત લક્ષી અહેવાલ રજુ કરવા જોઇન્ટ કમિટી ને જણાવતા તે બાબતે માન. કલેકટરશ્રી સુરેન્દ્રનગરના અધ્યક્ષ સ્થાને તા.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ બેઠક યોજાયેલ જેમાં કલેકટરશ્રી સુરેન્દ્રનગર દ્વારા અત્રેના જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં આવેલ ધુડખર અભ્યારણ અને ઇકો સેન્સીટીવ ઝોન વિસ્તાર ની મુલાકાત લેવા તથા સોલ્ટ ફાર્મિંગ વ્યવસાય સાથે સંકળાયેલ અગરીયાઓનો સંપર્ક કરી સ્થળ તપાસ કરી હક્કીકતલક્ષી પંચરોજકામ સહ અહેવાલ રજુ કરવા સુચના થઇ આવેલ છે. જે અન્વયે આ સમિતિ ના અધ્યક્ષ કલેકટરશ્રી સુરેન્દ્રનગર વતી પ્રાંત અધિકારીશ્રી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ધ્રાંગધ્રા તથા સુરેન્દ્રનગર જિલ્લાની ઈકો સેન્સેટીવ ઝોન ની મોનીટરીંગ સમિતિ ના અન્ય સભ્યો નાયબ વન સંરક્ષકશ્રી, ધુડખર અભ્યારણ, પ્રાદેશિક અધિકારીશ્રી, ગુ.પ્ર.નિ.બોર્ડ, સુરેન્દ્રનગર સાથે તા.૧૮/૦૫/૨૦૨૩ ના રોજ સ્થળ તપાસ કરવામાં આવેલ. સ્થળ તપાસ દરમિયાન પરિક્ષેત્ર વન અધિકારીશ્રી, ધુડખર અભયારણ્ય, ધ્રાંગધ્રા રેન્જ હાજર રહેલ.

પંચ રોજકામ શરૂ કર્યા તારીખ અને સમય : ૧૮/૦૫/૨૦૨૩ સવારે ૧૦: ૦૦ કલાક

સૌપ્રથમ સુરેન્દ્રનગર જિલ્લા ની ધુડખર અભ્યારણ્ય ઇકોસેન્સીટીવ મોનીટરીંગ સમિતિના સભ્યો દ્વારા ધ્રાંગધ્રા તાલુકા ના ધુડખર અભયારણ્ય ના ઇકો સેન્સીટીવ ઝોન વિસ્તાર ના સમાવિષ્ટ ગામ કોપરણી,કુડા,નિમકનગર,નરાળી,જેસડા ગામો ની મુલાકાત લેવાયેલ.સદર મુલાકાત દરમ્યાન ઉપરોક્ત ગામોમાં ભારત સરકાર ના વન પર્યાવરણ અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ કરાયેલ ધુડખર અભયારણ્ય ના ઇકોસેન્સીટીવ ઝોન અંગેના નોટીફીકેશન તા.૦૧/૧૦/૨૦૧૮ માં દર્શાવેલ પ્રતિબંધિત પ્રવૃત્તિઓ માં ની કોઇ પ્રવૃત્તિ થતી હોય તેવુ ધ્યાને આવેલ નથી. ત્યારબાદ નિમકનગર ગામ ના ધુડખર અભયારણ્ય વિસ્તાર ની મુલાકાત લેવામાં આવેલ. મુલાકાત દરમ્યાન ધુડખર અભ્યારણ્ય વિસ્તારમાં (કચ્છ ના ના ના રણ વિસ્તાર) માં ૧૦ એકર થી ઓછા વિસ્તાર ધરાવતા છુટા છવાયા નાના સોલ્ટ પાન જોવા મ ળેલ. જ્યાં સ્થળ પર મીઠુ પકવતા પરંપરાગત અગરીયાઓ (૧) ગુણવંતભાઈ માલજીભાઈ મા નકીયા (૨) પ્રહલાદભાઈ ધીરૂભાઈ વહાણીયા (૩)છનાભાઈ દશરથભાઈ કોપરાણીયા (૪) ગોપાલભાઈ પ્રભુભાઈ મુલાડીયા સાથે રૂબરૂ પૃચ્છા કરતા જાણવા મળેલ કે સોલ્ટ ફાર્મીંગ પ્રવૃત્તિ માટે સપ્ટેમ્બર -ઓક્ટોમબર મહિના એટલે કે નવરાત્રિ તહેવાર ની આસપાસ અગરિયાઓ કચ્છના નાના રણ માં સ્થળાંતર કરે છે જે માટે

તેઓ છપરા માટે સામાના સરકારશ્રીની સહાયથી મેળવેલ સોલાર પ્લેટો , ઘરવખરી પાણી, માટી કામ કરવા માટેના પાવડા કોદારી ના સાધનો જેવા ઓજારો લઈ જઈને પ્રથમ છપરા બનાવવાની કામગીરી કરે છે ત્યાર બાદ અંદાજે ૧૦ થી ૨૦ ફુટ સુધી પાણી નિકાળવા માટે માટીકામ હાથ થી ખોદવાનું હોય છે ૧૦ થી ૧૫ ફુટ હાથથી લોખંડનો વરો ફેરવી ડાર (ખાડો) કરવાનો હોય છે ત્યારબાદ તેમાં પી.વી.સી પાઈપ નાખી સોલાર પંપ ની મદદથી પાણી નીકાળવાનું હોય છે જે સમગ્ર પ્રકીયા હાથથી જ કરતા હોય છે ત્યારબાદ નાના પાળા કરી તેમાં પાણી ભરવામાં આવે છે જેમાં લાકડાની દંતારી, લાકડાની પાવડી ફેરવાની હોય છે જે પ્રકીયા માર્ચ એપ્રિલ સુધી ચાલું હોય છે. એપ્રિલ માસના અંત કે મે માસની શરૂઆતમાં મીઠુ તૈયાર થતું હોય છે. મીઠું પકવ્યા બાદ વધેલું પાણી(વર્જીન બિટર્ન) ટેન્કર દ્વારા ખારાઘોડા ઔદ્યોગીક વિસ્તારમાં આવેલ બ્રોમીન નુ ઉત્પાદન કરતી અલગ અલગ કંપનીઓ ને વેચાણે આપવામાં આવે છે અને પકવેલ મીઠું હીટાચી થી ડમ્પર ટ્રક માં ભરી વેચાણ કરવામાં આવે છે ત્યારબાદ મીઠાનું ઉત્પાદન પુરૂ થતા મે મહીનાના અંત ભાગમાં અગરીયાઓ વતન તરફ પ્રયાણ કરતા હોય છે

મુલાકાત દરમ્યાન સોલ્ટ ફાર્મીંગ પ્રવૃત્તિ માટે આશરે ૨૦ થી ૨૫ ફૂટ જેટલા ઊંડાઇ ના બોર સોલ્ટ પાન ની બાજુ માં કરાયેલ જોવા મળેલ જ્યાં સોલર પંપ જોવા મળેલ.મુલાકાત દરમ્યાન હયાત સોલ્ટ પાન માં એકાદ ફૂટ જેટલા ઊંચાઇ ના પાળા કરેલ જોવા મળેલ.મુલાકાત દરમ્યાન સ્થળ પર એક જેસીબી મશીન જોવા મળેલ જેની મદદ વડે પકવેલ મીઠા ને લિફ્ટ કરીને ડમ્પર માં લોડ કરવામાં આવે છે.અગરિયા ને પુછપરછ કરતા તેઓ એ જણાવેલ કે મીઠું એપ્રિલ-મે માસના અંત સુધીમા તૈયાર થાય છે અને નજીકના સમયમાં વરસાદની સંભાવના હોઈ તથા વારંવાર થતા કમોસમી વરસાદ ને કારણે તૈયાર થયેલ મીઠાને ઝડપ થી નિકાલ કરવુ જરૂરી હોઇ તથા શ્રમિકોની અછતના કારણે જેસીબી જેવા મશીન નો વપરાશ કરવામાં આવે છે. મુલાકાત દરમ્યાન સીઝન પૂર્ણ થવાના આરે હોઇ પકવેલ મીઠા ને ડમ્પર માં લોડ કરીને અભ્યારણની બહાર પરિવહન કરાતા જોવા મળેલ. સદર મુલાકાત લીધેલ અભ્યારણ વિસ્તારમાં અન્ય કોઈપણ મોટા પ્લાન્ટ, મશીનરીઝ જોવા મળેલ નહી કે અવરોધ રૂપ કાયમી ધોરણે કરાયેલ મોટા પાળાઓ જોવા મળેલ નહી. મુલાકાત દરમ્યાન કોઇ પણ પાણી ના વહેણ ને અવરોધ કરાયેલ જોવા મળેલ નહી. મોટા કાયમીધોરણે કરાયેલ બાંધકામ જોવા મળેલ નથી. સુરેન્દ્રનગર જીલ્લાની હદમાં આવેલ ઘુડખર અભ્યારણ વિસ્તાર માં ઇન્ટર ટાઇડલ ઝોન આવેલ નથી. તથા ધ્રાંગધ્રા વિસ્તાર માં આવેલ ધ્રાંગધ્રા કેમીકલ વર્ક્સ ના નેજા હેઠળ રચાયેલ મંડળીઓ તથા અન્ય સરકારી મંડળીઓ અંતર્ગત અગરિયાઓ તેમજ અન્ય પરંપરાગત અગરીયાઓ સ્વતંત્ર રીતે કચ્છના નાના રણ એટલેકે ઘુડખર અભ્યારણ વિસ્તાર માં સોલ્ટ ફાર્મીંગ કરે છે.સોલ્ટ ફાર્મીંગ પ્રવૃત્તિ માટે

પાળા બનાવવા માટે કરાતા ખોદકામ તેમજ મીઠુ પકવવા ની પ્રવૃત્તિ એ માઇનિંગ એક્ટ ૧૯૫૨ મુજબ ખાણ ખનિજ વિભાગ હેઠળ આવતી માઇનીંગ એકટીવીટી કહી શકાય નહી.

ત્યારબાદ સમિતિ ના સભ્યો ઘુડખર અભયારણ્ય ની અંદર થળા ગામ ના અભ્યારણ્ય વિસ્તાર માં આવેલ DCW Limited ફેકટરી ના ફાઇનલ એફ્લુયન્ટ ડિસ્ચાર્જ/ડિસ્પોઝલ લોકેશન ની મુલાકાત લીધેલ.DCW Limited ફેકટરીમાં થી ઉદ્ભવતા એફ્લુયન્ટ ને આશરે ૨૦ કિ.મી. લંબાઇ ધરાવતી પાઇપલાઇન દ્વારા નિયુક્ત કરાયેલ ફાઇનલ ડિસ્ચાર્જ લોકેશન કે જે થળા ગામ ના સર્વે નં ૧૩૪૧ પૈકી ની ૧૦ એકર ૧૦ ગુંઠા વિસ્તાર માં આવેલ છે. સદર જગ્યા ની ફરતે માટીના કાચા પાળા બનાવી અને તેની અંદર ના આશરે ૬૦*૬૦ ચો.મીટર વિસ્તાર માં સોકપીટ બનાવેલ છે જ્યાં સદર એકમ થી નીકળતી અંડર ગ્રાઉન્ડ પાઇપલાઇન ખુલતી જોવા મળેલ જેમાંથી આલ્કલાઇન (૧૨ પી.એચ. પી.એચ.સ્ટ્રીપ પર) એફ્લુયન્ટ નો નિકાલ થતુ હોવાનુ ધ્યાને આવેલ.નિકાલ કરાયેલ એફ્લુયન્ટ બનાવેલ ૬૦*૬૦ ચો. મી. વિસ્તાર માં બનાવેલ સોકપીટમાં શોષાવા ને બદલે વહીને તુટેલ કાચા માટીના પાળા વિસ્તાર માંથી આગળ વહી ને નિયુક્ત કરાયેલ લોકેશન થી બહાર નજીક ના ઘુડખર અભ્યારણ્યના વિસ્તાર માં ફેલાય છે.મુલાકાત દરમ્યાન કુલ ત્રણ પાણી ના નમૂનાઓ અલગ અલગ સ્થળ જેવા કે (૧) DCW Limited ફેકટરીના ફાઇનલ ડિસ્ચાર્જ પોઇન્ટ ના નજીક ના ઘુડખર અભયારણ્ય માં આવેલ કુદરતી નાળા(Lat. 23.1457N ,Long 71.5531 E) (૨) DCW Limited ફેકટરીના ફાઇનલ ડિસ્ચાર્જ પોઇન્ટ(Lat. 23.1472N ,Long 71.5519 E) (૩)ઘુડખર અભયારણ્ય ના વિસ્તારમાં ખુલ્લી જમીન પર ગંદા પાણી ના ખાબોચિયા(ponding) (Lat. 23.1482N ,Long 71.5544 E) પર થી પ્રયોગશાળા માં પૃથક્કરણ હેતુ એકત્રિત કરાયેલ. DCW Limited ને એફ્લુયન્ટ ડિસ્ચાર્જ માટે નિયુક્ત કરાયેલ લોકેશન ની બહાર નજીક ના ઘુડખર અભયારણ્ય ના વિસ્તાર માં ગંદા ઔદ્યોગીક પાણી ખાબોચિયા સ્વરૂપે , અવષેશો રૂપે અને વ્હાઇટીશ સ્પોટ રૂપે જોવા મળેલ.જેને લગતી ગુગલ ઇમેજ અત્રે સાદર રજુ કરાયેલ છે. ગુ.પ્ર.નિ.બોર્ડ દ્વારા એકમને સોડા એશ – ૭૬૫૦ મે.ટન/માસ, સોડા બાયકાર્બ – ૧૩૦૦ મે. ટન/માસ, એમોનિયમ બાયકાર્બ – ૫૫૦ મે. ટન/માસ અને ડીર્ટજન્ટ પાવડર – ૩૦૦૦ મે. ટન/માસ ના ઉત્પાદન માટે Consolidated Consent & Authorization અપાયેલ છે. એકમને દૈનિક ૩૩૦૦ ક્યુબીક મીટર એફ્લ્યુએન્ટને નિયત કરાયેલ માત્રાની અંદર નિયત જગ્યાએ ડિસ્ચાર્જ પોઇન્ટ પર કચ્છના નાના રણમાં નિકાલ અર્થે, તેની આસપાસ આવેલ ઘુડખર અભયારણ્ય વિસ્તારમાં ન પ્રવેશે તે બાબતની પુરતી તકેદારી રાખવાની શરતે, મંજુરી પાઠવેલ છે. કન્સેન્ટમાં ઉપરોક્ત એફ્લ્યુયન્ટ નિકાલ અંગેની શરતોનો ભંગ થતો હોય તેમ ધ્યાને આવેલ છે.પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ,ઘુડખર અભયારણ્ય ધ્રાગંધ્રા દ્વારા ઉપરોક્ત બાબતે DCW Limited એકમ ને નોટીશ

પાઠવવામાં આવેલ છે. તથા અધિક કલેક્ટરશ્રી, સર્વે અને સેટલમેન્ટ, ધુડખર અભયારણ્ય, સુરેંદ્રનગરની કચેરી દ્વારા ધ્રાગંધ્રા કેમીકલ વર્ક્સ લી. (DCW Limited) ના કેસ નં – A-૬૧ નો તા. ૧૨ ડીસેમ્બર ૨૦૦૫ ના રોજનો કાયમી વપરાશી હક્ક માન્ય રાખેલ છે. જે હુકમ ની નકલ આ સાથે સામેલ છે

નાયબ વન સંરક્ષકશ્રી (ધુડખર અભયારણ્ય) ધ્રાગંધ્રા દ્વારા સર્વે સેટલમેન્ટ અહેવાલ માં અગરીયાઓના હક્ક હીત નક્કી કરવામાં આવેલ છે જે બાબતે સભ્યોને જાણકારી આપતા જણાવવામાં આવ્યું કે ધુડખર અભયારણ્યનો સર્વે અને સેટલમેન્ટના આખરી અહેવાલ અધિક કલેક્ટરશ્રી ,સર્વે અને સેટલમેન્ટ ની કચેરી ધુડખર અભયારણ્ય સુરેંદ્રનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે સરકારશ્રીમાં મંજુરી અર્થે સને-૨૦૨૦ માં મોકલી આપવામાં આવેલ છે.અહેવાલમાં જુદા જુદા હેતું માટે હક્ક હીતો આપવામાં આવેલ છે અત્રેના સમિતિના રીપોર્ટ સાથે પેટામાં સામેલ કરવામાં આવશે.

વધુમાં નાયબ વન સંરક્ષકશ્રી ધુડખર અભયારણ્ય દ્વારા સમિતિ ના સભ્યો સમક્ષ જણાવવામાં આવ્યું કે જ્યારે ધુડખર અભ્યારણ્યની સને ૧૯૭૩ માં ગણતરી કરવામાં આવેલ ત્યારે ધુડખરોની સંખ્યા અંદાજે ૩૬૨ હતી તે સમયે પણ અગરીયાઓ દ્વારા ધુડખર અભયારણ્ય માં મીઠું પકવવાની પ્રવૃતિ કરવામાં આવતી હતી ત્યારબાદ સને ૧૯૮૯ થી પછીથી દર પાંચ વર્ષે ધુડખરોની ગણતરી કરતા ધુડખરની વસ્તીમાં ઉત્તરોત્તર ઘણો વધારો થયેલ છે અને છેલ્લે સને ૨૦૨૦ ની ગણતરી મુજબ ધુડખરોની સંખ્યા અંદાજે ૬૦૮૨ છે તેની સામે અગરીયાઓ ની સંખ્યા હાલ સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ફીલ્ડ સ્ટાફ દ્વારા સર્વે કરતા સમગ્ર કચ્છના નાના રણ વિસ્તાર માં ૨૧૨૪ અગરીયાઓ કાર્યરત જોવા મળેલ છે આમ અભયારણ્ય વિસ્તારમાં ધુડખરો નો વસવાટ તથા પરંપરાગત રીતે કામ કરતા અગરીયાઓ વચ્ચે શાતિંપુર્ણ સહ અસ્તિત્વ જોવા મળેલ છે અગરીયા તથા અત્રેના વિભાગ ખાતે અગરીયો દ્વારા ધુડખર કે અન્ય કોઈ વન્યપ્રાણીઓના શિકારનો કે ખલેલ હોચાડવાના બનાવો નોંધાયેલ ન હોય તેથી ધુડખરો કે અન્ય વન્યજીવોને કોઈ વિપરીત અસર જોવા મળેલ નથી.

નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કમીટી સમક્ષ રજુ કરાયેલ પત્ર મુજબ અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી,વન્યજીવ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સેટલમેન્ટ અહેવાલમાં જે લોકોના જેટલા વિસ્તારના હક્ક દાવાઓ માન્ય રાખવાની ભલામણ કરવામાં આવેલ છે તેને સેટલમેન્ટ અહેવાલ આખરી થાય ત્યાં સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવી જરૂરી જણાય છે બાકીના તે સિવાય ના તમામ અગરીયાઓ અને ઈસમો ને ગેરકાયદેસર ગણી તેઓને હટાવા બાબતે નિયમોનુસારની કાર્યાવાહી કરવાની થાય છે, સર્વે સેટલમેન્ટ અહેવાલમાં વપરાશી હક્કો આપવામાં આવેલ અગરીયાઓને ઓળખ પત્ર બનાવવાની પ્રકીયા ચાલુ કરવા વિભાગીય સ્તરે વિચારાધિન છે.

મુલાકાત દરમ્યાન સમિતિ ના સભ્યોને અગરની નજીકના વિસ્તારમાં ૧૨-૧૫ ઘુડખરનું એક સમુહ જોવા મળેલ. આમ, અગરીયાઓ અને ઘુડખર નું સહ અસ્તિત્વ ધ્યાને આવેલ છે અગરીયા દ્વારા કરવામાં આવતી મીઠું પકવવાની પ્રવૃતિ થી ઘુડખર અભયારણ્ય ની ઈકો સિસ્ટમને બાધારૂપ હોવાનું ધ્યાને આવેલ નથી.

વધુ માં નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા અભ્યારણ્ય વિસ્તાર માં હીટાચી જેવા મોટા મશીનો નો ઉપયોગ કરવામાં આવે છે તે બાબતે સમિતિના સભ્યો સમક્ષ નિવેદન કરેલ કે વન વિભાગ દ્વારા સમગ્ર ઘુડખર અભયારણ્ય વિસ્તાર માં સ્થાનિક સ્ટાફ દ્વારા ફેરણા કરવામાં આવે છે તે દરમ્યાન મોટા વાહનો જોવા મળે તો તેઓની વિરૂધ્ધ ફર્સ્ટ ઓફેન્સ રીપોર્ટ (એફ.ઓ.આર) નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.ઘુડખર વિભાગ દ્વારા છેલ્લા ૫ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લા માં આવેલ ધ્રાગંધા રેંજ માં ૨૦ એફ.ઓ.આર તથા બજાણા રેંજ માં ૪૪ એફ.ઓ.આર એમ કુલ ૬૪ એફ.ઓ.આર નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત અવલોકનો સિવાય સુરેન્દ્રનગર જિલ્લા ના ઘુડખર અભયારણ્યની ધ્રાગંધ્રા રેન્જમાં આવેલ ધ્રાગંધ્રા તાલુકાના ઘુડખર અભયારણ્ય તેમજ તેના ઇકો સેન્સીટીવ ઝોન વિસ્તાર માં નોટીફીકેશન માં દર્શાવેલ પ્રતિબંધિત પ્રવૃત્તિ થતી હોય તેવુ તેમજ પાણીનું કોઈ વહેણ અવરોધાતુ હોય તેમ તથા ઈન્ટર ટાઈડલ ઝોન કે નદીનું વહેણ આવતુ હોય તેમ સુરેન્દ્રનગર જિલ્લા ની ઘુડખર અભયારણ્ય ઇકો સેન્સીટીવ ઝોન ની મોનીટરીંગ કમિટિ ના ધ્યાને આવેલ નથી તથા સ્થળ તપાસ દરમ્યાન ઘુડખર તેમજ અગારિયાઓ નુ સહ અસ્તિત્વ હોય તેમ પ્રાથમિક દ્રષ્ટિએ જણાઇ આવેલ છે.

પંચ રોજકામ પૂર્ણ કર્યા તારીખ અને સમય : ૧૮/૦૫/૨૦૨૩ ૧૭:૧૦ કલાક

અ.નં	નામ	હોદ્દો	સહિ
૩	કે.એમ.ત્રમટા	પરીક્ષેત્ર વન અધિકારીશ્રી - ધ્રાગંધ્રા રેંજ	
૫	ફાલ્ગુનભાઈ મોદી	પ્રાદેશિક અધિકારી ગુ.પ્ર. નિ. બોર્ડ સુરેન્દ્રનગર	
૭	ડો. ધવલ ગઢવી	નાયબ વન સંરક્ષકશ્રી, ઘુડખર અભયારણ્ય, ધ્રાગંધ્રા.	
૮	શ્રી એમ.પી.પટેલ	પ્રાંત અધિકારીશ્રી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ,ધ્રાગંધ્રા	

No. WPC.4785/M-46(6)-P
GOVERNMENT OF GUJARAT
FOREST AND ENVIRONMENT DEPARTMENT
Sardar Patel Bhavan, Block No.14/8
Gandhinagar 382 010
Date: 6-11-1987

8

To
The Member Secretary
Gujarat Pollution Control Board
Sector - 7, Gandhinagar

Sub: Effluent disposal from Dhrangadhra Chemical Works, Dhrangadhra.

Sir,

Please refer to the letter No. GPCB/PS/327/87 dated 15-10-87 of the Chairman G.P.C.B., addressed to the Secretary, Forest & Environment Deptt., on the subject mentioned above.

2/- The revised proposal submitted by the Chairman, GPCB regarding approval for the disposal of the effluent by the -Dhangadhra Chemical Works, Dhangadhra is hereby approved subject to the following conditions.

(1) The effluent should be disposed off at point 'C' shown on the map enclosed herewith.
(2) The point of the final disposal should not be shifted further towards the Wild Ass Sanctuary from the point 'G' shown on the map.
(3) The effluent should only be released in deep soak pits and not on the surface.

3/- The orders issued vide Govt. letter of even No. dated 15.9.87 is hereby cancelled.

4/- In view of above you are requested

C-21

9

to take necessary action in the matter immediately. You are also requested to submit bimonthly progress report without fail. One copy of the above map may be furnished to the Govt. duly signed by you for record in the Govt.

Yours faithfully,

Sd/-
Signed
(K.J. Patel)
Under Secretary
Forest & Environment Deptt.

Encl: Map in
Original.

Copy for information and necessary action to:-

(1) The Chief Conservator of Forest (W.L.)
Gujarat State, Kothi Building, Baroda

(2) The Collector
Surendranagar, for information.

SHAH 21187.

શ્રી એ.બી.પરમાર, અધિક કલેક્ટર, ધુડખર અભ્યારણ્ય, સર્વે અને સેટલમેન્ટ, સુરેન્દ્રનગર સમક્ષ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ– ૧૯૭૨ની કલમ –૨૨ હેઠળની તપાસ :–

કેસ નંબર: A- ૬૧

શ્રી ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ લી.

રહે. ધ્રાંગધ્રા, તાલુકો: ધ્રાંગધ્રા, જિલ્લો: સુરેન્દ્રનગર .....વાદી.

વિરૂધ્ધ

શ્રી સરકાર.....પ્રતિવાદી

બાબત: ગુજરાત વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે ધુડખર અભ્યારણ્ય સર્વે અને સેટલમેન્ટ અન્વયે હકક માન્ય કરવા બાબત.

ઠરાવ

આ કામની ટુંકમાં વિગત એવી છે કે, ગુજરાત વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે ધુડખર અભ્યારણ્ય સર્વે અને સેટલમેન્ટ અન્વયે તા.૧૨/૧/૧૯૭૩વાળું જાહેરનામું બહાર પાડવામાં આવતા ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ,ધ્રાંગધ્રા તરફથી કંપનીને આપવામાં આવેલ જમીન અન્વયે અભ્યારણ્યમાં સમાવિષ્ટ જમીનોના હકક માન્ય કરવા માટે હકક દાવા અરજી તા.૧૧/૧૧/૧૯૯૭ના રોજ દાખલ કરવામાં આવેલ છે.

અરજદાર કંપનીને વિવિધ રીતે આપવામાં આવેલ જમીનો-નો અભ્યારણ્ય માટે જાહેર કરવામાં આવેલ વિસ્તારમાં સમાવેશ થાય છે. જે જમીનો નીચેની વિગતે દર્શાવેલ છે.

અ.નં.	ગામનું નામ તથા સર્વે નંબર	ક્ષેત્રફળ એ.ગું.	ધારણ કર્યાની તારીખ	હેતુ	કેવા હકકથી ધારણ કરે છે.
૧	કુડા રણની	૫૪૨૮–૩૦	૨૯/૧/૧૯૩૯	મીઠાના ઉત્પાદન માટે	કાયમી
૨	કુડા સ.નં. ૬૯ પૈકી	૧૦૬–૩૦	૨૯/૧/૧૯૩૯	મીઠાના ઢગલા કરવા માટે	કાયમી
૩	કુડા સ.નં. ૬૯ પૈકી	૭–૨૮	૧૭/૧૨/૧૯૭૫	ઝોગીન પ્લાન્ટ માટે	સરકારશ્રી પાસેથી કબ્જા હકકની રકમ ભરી ખરીદ કરેલ છે.
૪	માલવણ સ.નં.૧૧૭૩ પૈકી	૬–૨૫	૧/૯/૧૯૮૫	અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન માટે	૩૦ વર્ષના પટ્ટેથી
૫	થળા સ.નં.૧૩૪૧ પૈકી	૧૦–૧૮	૧/૯/૧૯૮૫	અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન તથા સોકપીટ માટે	૩૦ વર્ષના પટ્ટેથી

ઉપર જણાવેલ વિગતે રજુ થયેલ કેસના કાગળો તથા આધારો વંચાણે લઈ સદરહુ જમીનો ધુડખર અભ્યારણ્યની જમીનમાં સમાવિષ્ટ થતી હોઈ કેસ રજીસ્ટરે લઈ કંપનીને સાંભળવા માટે નીચે જણાવેલ વિગતે મુદતો આપવામાં આવેલ છે.

પાના નં.–૨ ઉપર

C-21

E 769-A

અનું નં.	તારીખ	મુદત	વિગત
૧	૨૭/૧૧/૯૭	૦૯/૧૨/૯૭	જવાબ લેવામાં આવ્યો.
૨	૦૬/૦૪/૯૮	૧૬/૦૪/૯૮	મુદત લીધી.
૩	૧૪/૦૯/૯૯	૩૦/૦૯/૯૯	મુદત લીધી.
૪	૧૦/૦૫/૦૪	૨૭/૦૫/૦૪	જવાલ લીધો.
૫	૦૩/૧૨/૦૪	૨૦/૧૨/૦૪	મુદત લીધી.
૬	૨૭/૧૨/૦૪	૧૦/૦૧/૦૫	મુદત લીધી.
૭	૧૦/૦૧/૦૫	૨૧/૦૨/૦૫	મુદત લીધી.
૮	૨૧/૦૨/૦૫	૧૦/૦૩/૦૫	લખિત જવાબ રજુ કર્યો.
૯	૧૦/૦૩/૦૫	૦૪/૦૪/૦૫	મુદત લીધી.
૧૦	૦૪/૦૪/૦૫	૧૩/૦૪/૦૫	મુદત લીધી.
૧૧	૧૩/૦૪/૦૫	૦૧/૦૫/૦૫	મુદત લીધી.
૧૨	૦૬/૦૫/૦૫	૦૯/૦૫/૦૫	દલીલ રજુ કરી.

ઉપર જણાવેલ વિગતે કંપનીને સાંભળવા તથા રજૂઆત કરવા માટે પૂરતી તક આપવામાં આવેલ છે. કંપની તરફથી કંપનીને આપવામાં આવેલ જમીનો પરત્વે જમીન વાર રજૂઆત કરવામાં આવી.

(૧) કંપનીને કુડા,તા.ધ્રાંગધ્રા ગામે કચ્છના નાના રણમાં મીઠાના ઉત્પાદન અંગેની એ.૫૪૨૮—૩૦ચું. જમીન તથા કુડા ગામના સ.નં.૬૯ પૈકી એ.૧૦૬—૩૦ચું.મીઠાના ઢગલા માટે આપવામાં આવેલ જમીન પરત્વે કંપની તરફથી મુખ્યત્વે રજૂઆત કરવામાં આવી કે, સદરહુ કંપની મુળ જુના ધ્રાંગધ્રા રાજ્યના મહારાજા હસ્તકની શ્રી શક્તિ આલ્કલીઝના નામથી ઓળખાતી કંપની હતી. ધ્રાંગધ્રા કેમીકલ વર્કસના નામની કંપનીએ આ શક્તિ આલ્કલીઝ કંપની તા.૨૯/૦૧/૧૯૩૬ના રોજ જુના ધ્રાંગધ્રા રાજ્ય સાથે કરારમત કરી ખરીદ કરેલ છે.તે મુજબ શક્તિ આલ્કલીઝ કંપની દ્વારા કુડા ગામે કચ્છના નાના રણમાં મીઠાના ઉત્પાદન માટે સર જયોર્જ સોલ્ટ સોલ્ટ વર્કસના નામથી મીઠાનું ઉત્પાદન કરવામાં આવતું હતું. તે જમીન તથા કુડા ગામે ઉત્પાદન કરેલ મીઠાના ઢગલા કરતી હતી તે જમીનોનો આ તા.૨૯/૦૧/૧૯૩૬ના કરારમાં સમાવેશ થઈ જાય છે. તે મુજબ ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ કંપની આ જમીનનો ઉપયોગ કરે છે અને રણની જમીન એ.૫૪૨૮—૩૦ચું. તથા મીઠાના ઢગલા માટે જમીન એ.૧૦૬—૩૦ચું. કબ્જો ધરાવે છે. જે કબ્જો સદરહુ કાયદાની જોગવાઈ મુજબ તા.૧૬/૧/૧૯૭૩ પહેલાથી કાયમીરીતે ધારણ કરે છે. જેથી આ જમીનો પરત્વે હક્ક માન્ય કરવાનો થાય છે.

(૨) ધ્રાંગધ્રા તાલુકાના કુડા ગામે સરકારી ટ્રાન્સ્ફર્સ સ.નં. ૬૯ પૈકી જમીન એ.૭—૨૮ચું. બ્રોમીન પ્લાન્ટ માટે કલેકટરશ્રી,સુરેન્દ્રનગરના હુકમ નં.જમન—૨—ઓધો.વ.૩૫૯૭/૭૫, તા.૧૭/૧૨/૧૯૭૫થી કબ્જા હકકની રકમ રૂા.૧૫૪૦૦/— લઈને અપાયેલ તે જમીન કંપની તા.૧૭/૧૨/૧૯૭૫થી ધારણ કરે છે.જેના હુકમની ઝેરોક્ષ નકલ રજૂ કરી. આ જમીન કબ્જા હકકની રકમ ભરી સરકારશ્રી પાસેથી મેળવેલ હોઈ, હક્ક માન્ય કરવા માટે રજૂઆત કરી છે.

શ્રી સરકાર તરફે અધિકકશ્રી, પુરવઠા અભ્યારણ્ય,ધ્રાંગધ્રાએ હાજર રહી રજૂઆત કરેલ છે કે, કંપનીને અપાયેલ જમીન સદરહુ સને ૧૯૭૨ના અધિનિયમ અન્વયેના તા.૧૨/૧/૧૯૭૩ના જાહેરનામા બાદ અપાયેલ હોઈ આપી શકાય નહી તેમ જણાવી હક્ક માન્ય ન કરવા રજૂઆત કરી છે.

બંને પક્ષો તરફથી થયેલ રજૂઆત ધ્યાને લેતાં સદરહુ જમીન સ.નં.૬૯ પૈકી એ.૭—૨૮ચું કબ્જા હકકની રકમ રૂા.૧૫૪૦૦/— લઈને તા.૧૭/૧૨/૧૯૭૫વાળા હુકમથી સદરહુ અધિનિયમ અન્વયે તા.૧૨/૧/૧૯૭૩નું જાહેરનામું બહાર પાડયા બાદ અપાયેલ છે તે કેવા સંજોગોમાં અપાયેલ છે તે સાબીત કરવામાં કંપની નિષ્ફળ ગયેલ હોઈ તા.૧૨/૧/૧૯૭૩ના જાહેરનામા બાદ જમીન અપાયેલ હોઈ, હક્ક માન્ય કરી શકાય નહી.

પાના નં.—૩ ઉપર

(૩) અરજદાર કંપનીને ધ્રાંગધ્રા તાલુકાના માલવણ ગામની સરકારી ટ્રાવર્સ સ.નં.૧૧૭૩ પૈકી એ.૬-૨૫ગું. અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન માટે તથા ઘળા ગામે સરકારી ટ્રાવર્સ સ.નં.૧૩૪૧ પૈકી એ.૧૦-૧૮ગું. અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન માટે તથા એફલ્યુઅન્ટના સ્ટોરેજ માટે સોકપીટ બનાવવા માટે કલેક્ટરશ્રી,સુરેન્દ્રનગરના હુકમ નં.જમન.૧.વ.૧૫૧૩/૧૫૨૨,તા.૦૭/૦૪/૧૯૮૬ તથા સુધારા હુકમ નં.જમન.૧.વ.૧૫૧૩/૧૫૨૨, તા.૧૭/૦૬/૧૯૮૮વાળા હુકમથી તા.૦૧/૦૮/૮૫ થી ૩૦ વર્ષના ભાડાપટ્ટેથી આપવામાં આવેલ છે તે જમીનનો ભાડાપટ્ટો સને ૨૦૧૫માં પૂર્ણ થાય છે.હાલ આ જમીન તા.૦૧/૦૮/૮૫થી કંપનીના કબ્જામાં છે. તે જમીનમાં હકક માન્ય કરવા માટે રજૂઆત કરી છે તેમાં કંપની તરફથી મુખ્યત્વે નીચે મુજબ રજૂઆત કરવામાં આવેલ છે.

૧. સવાલવાળી જમીનો કંપનીને કલેક્ટરશ્રી,સુરેન્દ્રનગરના તા.૦૭/૦૪/૮૬ તથા સુધારા હુકમ તા.૧૭/૦૬/૮૮વાળા હુકમથી સને ૧૯૮૫થી ૩૦ વર્ષના ભાડાપટ્ટેથી અપાયેલ છે. જે પટ્ટાની મુદત સને ૨૦૧૫માં પૂર્ણ થાય છે. આ જમીન ભાડાપટ્ટે આપવા માટે કલેક્ટરશ્રી,સુરેન્દ્રનગર સક્ષમ સત્તાધિકારી છે.

૨. આ કારખાનામાં દરરોજનું ૩૦૦ મે.ટન સોડાએશ,૬૦ મે.ટન સોડા બાયકાર્બન,૨૫ મે.ટન એમોનીયા બાયકાર્બન તથા ૧૦૦ મે.ટન ડીટરજન્ટ પાવડરનું ઉત્પાદન થાય છે. ૨૦૦૦ કરતા વધુ લોકો કામગીરી કરે છે.દરમાસે ૮૦ લાખ જેટલું પગાર વિ.નું ચૂકવણું થાય છે.

૩. કારખાનામાંથી નીકળતા એફલ્યુઅન્ટ (વેસ્ટ વોટર) અ.નં.૪ તથા ૫ વાળી જમીનમાં અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન નાંખી તેના થ્વારા અ.નં.૫ વાળી જમીનમાં બનાવવામાં આવેલ સોકપીટમાં છોડવામાં આવે છે.

૪. આ કારખાનું જુના ધ્રાંગધ્રા સ્ટેટની માલિકીનું હતું. જે શકિત આલ્કલીઝના નામથી સને ૧૯૨૫માં શરૂ કરવામાં આવેલ હતું. ભારત સરકારના સને ૧૯૧૩ના કંપની એકટની નીચે ૭/૧૯૧૩થી નોંધાયેલ હતું.સને ૧૯૩૯માં જુના ધ્રાંગધ્રા સ્ટેટે આ કારખાનું ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ, ધ્રાંગધ્રા (ડી.સી.ડબલ્યુ.)ને તા.૨૯/૦૧/૧૯૩૯વાળા કરારથી વેચાણ કરેલ હતું. ત્યારથી આ કંપની એફલ્યુઅન્ટ ફલકુ નદી મારફતે આ જમીનમાં છોડતા હતા અને કચ્છના નાના રણમાં ખુલ્લામાં છોડતા રણમાં ફેલાઈ જતું. તેમજ કરારના મુદ્દા નં.૧૫થી ભવિષ્યમાં સ્ટેટ, કંપનીને જમીન આપશે તેમ ઉલ્લેખ છે.

૫. સદરહુ કંપની તરફથી એફલ્યુઅન્ટ વાયા ફલકુ નદી, રણમાં છોડવામાં આવતું હતું. તેમજ વેસ્ટેજનો ઢગલો ધ્રાંગધ્રા ગામના સરકારી સર્વે નં.૧૫૫૭માં કરવામાં આવતો હતો.આ અંગે ના.કલે.શ્રી,ધ્રાંગધ્રા પાસે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭(૨) અન્વયે દાવો દાખલ કરેલ આ હકકચોકસી કેસ ન.૬/૬૭વાળા કેસમાં કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે, અમે આ જમીન અંગે માલિકીનો કોઈ દાવો દાખલ કરતા નથી. પરંતુ માત્ર કંપનીનું એફલ્યુએન્ટ આ જમીનમાંથી પસાર થાય અને ફલકુ નદીમાં છોડવામાં આવે, આમ થતાં આ ૩૭(૨) કોડની ઈન્કવાયરી પડતી મુકવામાં આવી. મામલતદારશ્રી,ધ્રાંગધ્રાએ કેસ નં.૩૨/૬૭થી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ અન્વયે ઈર્ષાવાળી થાવુ કરી આ કેસમાં મામલતદારશ્રીએ હુકમ કર્યો કે જમીનનો કબ્જો ૬ માસમાં ખાલી કરવો અને આખા સર્વેનંબરનો ઉપયોગ ગણી પેનલ્ટી સહિત રૂા.૬૭૩૯૭૦/૫૦ પૈ.વસુલ લેવાનો હુકમ કર્યો. આ હુકમ ના.કલે.શ્રી, તથા કલેક્ટરશ્રીમાં પણ માન્ય રખાયેલ. તેની સામે જયારે ગુજરાત મહેસુલ પંચએ તેના અપીલ નં.૧૨૭/૭૧માં તા.૦૮/૦૫/૭૩ના હુકમથી ના.કલે.શ્રી અને કલેક્ટરશ્રીના હુકમો રદ કર્યા પણ મામલતદારશ્રી, ધ્રાંગધ્રાના હુકમને સ્પર્શ કર્યો નહી. પરંતુ પછીથી તા.૧૫/૧૦/૭૫ના રોજ અપીલ નં.૨૫૪/૭૩માં હુકમ કરીને કંપનીની અપીલ અંશતઃ માન્ય રાખીને ઈડની રકમ ઘટાડી.

ત્યારબાદ કંપનીએ વૈધાનિક નોટીસ આપીને સીવીલ સ્યુટ નં.૧૮૨/૭૬ દાખલ કર્યો. જેમાં વખતો વખત અપીલ કર્યા બાદ કંપનીને છેવટે આસી.જજ,સુ'નગરના તા.૨૯/૦૩/૮૯ના હુકમ સામે નામ.ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નં.૮૩૭/૯૦,સેક-૬ અપીલ નં.૫૩/૯૦ દાખલ કરી જેમાં નામ.હાઈકોર્ટે તા.૧૨/૧૨/૯૦ના હુકમથી અપીલ દાખલ કરી વચગાળાનો મનાઈ હુકમ આપ્યો જે હાલ ચાલુ છે.

આ થ્વારા કંપની પ્રસ્થાપિત કરવા માગે છે કે, સોડાએશ બનાવતી કોઈપણ કંપની તેના એફલ્યુઅન્ટનો નિકાલ કર્યા વિના ચાલી જ ન શકે અને આ કંપની ૧૯૩૯થી એફલ્યુઅન્ટ કાઢે છે. કચ્છના નાના રણમાં વાયા ફલકુ નદીમાં છોડતી હતી. અને ખુડખર અભ્યારણ્ય અંગેનું જાહેરનામુ ૧૯૭૩માં આવ્યુ છે તે પહેલાથી કંપની થ્વારા એફલ્યુઅન્ટ કચ્છના નાના રણમાં છોડવામાં આવતું હતું.

પાના નં.-૪ ઉપર

૬. ફલકુ નદી કાંઠા ઉપર આવેલા ગામોના લોકો તરફથી ખાસ કરીને ગાલવડા,થળા ગામ લોકોએ વાંધો લેતાં સદરહુ ડી.સી.ડબલ્યુ. તરફથી નામ.ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ. નં.૪૭૨૫ ઓફ ૧૯૮૩વાળી દાખલ કરતા નામ.ગુજરાત હાઈકોર્ટની સુચના મુજબ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના કન્વીનર પદે કમીટી બનાવી સ્કીમ રજૂ કરવા સુચના કરતા કમીટીના અભિપ્રાય મુજબ એફલ્યુઅન્ટ ખુલ્લી નદીમાં તથા રણમાં નહી છોડતા નદીના કાંઠાની બાજુમાં અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન દ્વારા રણ સુધી લઈ જઈ ખરાબાની જમીનમાં સોકપીટ બનાવી તેમાં છોડવા અંગે નામ.ગુજરાત હાઈકોર્ટમાં તા.૨૫/૦૩/૮૬ના રોજ પક્ષકારો વચ્ચે એક સ્કીમ રજૂ થયેલ છે. આ સ્કીમ અમલમાં આવતા પાઈપ લાઈન તથા સોકપીટ માટેની જરૂરી જમીન અ.નં.૪ તથા ૫ વાળી કલેકટરશ્રી,સુ'નગર દ્વારા સને ૧૯૮૬ તેમજ સુધારા હુકમ ૧૯૮૮થી સને ૧૯૮૫ થી 30 વર્ષના પટ્ટેથી આપવામાં આવેલ હતી.જે જમીનનો પટ્ટો સને ૨૦૧૫માં પુરો થાય છે. કલેકટરશ્રી,સુરેન્દ્રનગર પણ કમીટીના સભ્ય હતા. નામ.હાઈકોર્ટના તા.૧૧/૧૨/૯૭ના જજમેન્ટથી સ્કીમનો અમલ થયો છે તેમ સ્વીકારી એસ.સી.એ.નં.૪૭૨૫/૮૩ વાળીનો નિકાલ થયેલ છે.

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના મેમ્બર સેક્રેટરીશ્રીએ સેન્ચ્યુઅરી સુપ્રિ.શ્રી,ધ્રાંગધ્રાને તા.૧૭/૦૧/૮૭ તથા ૦૨/૦૨/૮૭વાળા પત્રોથી સ્કીમમાં નકકી થયેલ નકશાના 'જી' પોઈન્ટ સોકપીટમાં એફલ્યુઅન્ટ છોડતા, એફલ્યુઅન્ટથી માનવજીવન તથા વન્ય પ્રાણીઓને વિપરીત અસર થશે નહી તેમ જણાવી અગ્રતાના ધોરણે પરમીશન આપવા વિનંતી કરેલ છે.

આ સ્કીમને ગુજરાત સરકાર દ્વારા વન અને પર્યાવરણના તા.૦૬/૧૧/૮૭ના પત્રકમાંક નં.ડબલ્યુ.પી. સી./૪૭૮૫/એસ.૮૬/(૬)—પીથી મંજૂર રાખવામાં આવી હતી. આ પત્ર કંપની દ્વારા એસ.સી.એ. નં.૪૭૨૫/૮૩ની સુનાવણી દરમ્યાન રજૂ કરવામાં આવેલ છે.અને ગુજરાત પોલ્યુશન બોર્ડને લખેલ સદર પત્રમાં 'જી' પોઈન્ટ સિવાયના અન્ય સ્થળે એફલ્યુઅન્ટ છોડવાનું સ્થળ બદલવું નહી તેમ જણાવેલ છે.

૭. આ ક્રેમપ્રો તથા નોટીફીકેશન અમલમાં હોવા છતાં આ જમીન કંપનીને પટ્ટેથી આપવામાં આવેલ છે તે સંદર્ભે કંપનીએ કરેલ રજૂઆત મુજબ જુના ધ્રાંગધ્રા રાજય સાથેના કંપનીએ કરેલ તા.૨૯/૦૧/૧૯૩૯વાળા એગ્રીમેન્ટ મુજબ કંપનીને જમીનની જરૂરીયાત મુજબની જમીન લીઝ હાઈનેશ ગવર્નમેન્ટ યોગ્ય કિંમત લઈને આપશે તેવી જોગવાઈ છે. સને ૧૯૪૭માં સ્વતંત્રતા મળતા ૧૯૪૮માં જુના રજવાડા વિલીનીકરણ થયેલ તે વખતે ભારત સરકાર સાથે થયેલ વ્હાઈટ પેપર કરાર મુજબ ભારતના બંધારણના આર્ટીકલ ૨૯૫(૨) મુજબ આ રાઈટસ મંજૂર રાખેલ તે મુજબ આવકો અને જવાબદારીઓ સરકારશ્રીએ સ્વીકારતા આ જમીનની બાબત પણ સરકારશ્રીને લાગુ થાય છે. તેમ રજૂઆત કરી છે. (વ્હાઈટ પેપર પાના નં.૨૪૨ ઉપરના આર્ટીકલ ૬ના પારા(બી) તથા (સી) તેમજ સુપ્રિમ કોર્ટ જજમેન્ટ એ.આઈ.આર.૧૯૬૪ પાના નં.૧૪૯૫ થી ૧૫૦૧)

૮. આ કેસના કામે શ્રી સરકાર પક્ષે અધિવકતા, સુરેન્દ્રનગર અભ્યારણ્ય,ધ્રાંગધ્રા દ્વારા તા.૦૬/૦૩/૦૫વાળી પત્રથી લેખિત રજૂઆત થયેલ છે કે, સરકારશ્રીના તા.૧૨/૧/૧૯૭૩ના ગુડખર અભ્યારણ્યના જાહેરનામામાં થયા ગામના કુલ નંબર—૧૩૪૧નો સમાવેશ થયેલ છે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ—૧૯૭૨ની જોગવાઈ મુજબ અભ્યારણ્ય વિસ્તારમાં કોઈપણ જાતના નવા હકકો સંપાદીત થઈ શકે નહી. તેમજ ઉપરોકત અધિનિયમ મુજબ સંપૂર્ણ સત્તા, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનશ્રી પાસે છે.

ઉપરોકત જમીન અંગે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ. નં.૮૪૮૭/૯૩ના ઓરલ ઓર્ડરને ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

નામ.હાઈકોર્ટના એસ.સી.એ. નં.૮૪૮૭/૯૩,૪૦૪૩/૯૬ તથા ૮૨૭૨/૯૬ના કામે તા.૦૪/૦૪/૯૭ વાળા જજમેન્ટ મુજબ ગુડખર અભ્યારણ્યમાં આવેલ જમીન નવી લીઝ ન આપવી કે લીઝ રીન્યુ ન કરી આપવી તેવો હુકમ થયેલ છે. પરંતુ આ કામે ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ, ધ્રાંગધ્રાના પ્રતિનિધિએ દલીલમાં જણાવેલ છે કે આ તબકકે આ કેસમાં આ જમીન આપવા અંગે નામ.હાઈકોર્ટના જજમેન્ટ મુજબ પ્રતિબંધ લાગુ પડે નહી કારણ કે કંપનીને આ જમીન ૧૯૮૫માં મળેલ છે. અને આ જજમેન્ટ ૧૯૯૭માં આવેલ છે. જેથી તે મુજબ લાગુ કરી શકાય નહી. જયારે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ—૧૯૭૨ના સંદર્ભમાં જણાવેલ છે કે, અનુ.નં.૪ અને ૫ માં દર્શાવેલ જમીન એસ.સી.એ.૪૭૨૫/૮૩ના કામે નામ.હાઈકોર્ટમાં સ્કીમ રજૂ થયેલ છે અને તે પ્રમાણે કંપનીએ કામકાજ કરેલ છે. ઉપરાંત, કંપનીની સ્કીમ નામદાર હાઈકોર્ટમાં મંજૂર થયા અંગે તેમજ કલેકટરશ્રીએ આપેલ જમીન અંગે વન વિભાગ દ્વારા તે લીઝ રદ કરવા અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ આ સ્કીમને વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પણ તા.૦૬/૧૧/૧૯૮૭થી મંજૂરી આપેલ છે. આ સ્કીમ અન્વયે જરૂરી તમામ કાર્યવાહી કંપની દ્વારા પૂર્ણ

પાના નં.—૫ ઉપર

કરવા અંગે જરૂરી બાંહેધરી તા.૩૦/૦૪/૮૬ના રોજ કંપની દ્વારા નામદાર હાઈકોર્ટમાં આપેલ છે.જેથી આ અંગે પણ કંપનીનો હક્ક મંજૂર રાખવાપાત્ર છે. આ સ્કીમનો અમલ થયો તે પહેલાંથી વાગા ફલકુ નદી, રણમાં એફલ્યુઅન્ટ છોડવામાં આવતું હતું. નામ.હાઈકોર્ટમાં રજૂ થયેલ એસ.સી.એ.નં.૪૭૨૫/૮૩ની સ્કીમ મંજૂર કરેલ છે તેમાં તો માત્ર Mode of disposal જ બદલાયેલ છે. જો સ્કીમ મુજબ Mode બદલાયો ન હોત તો કંપનીનો અભ્યારણ્યમાં એફલ્યુઅન્ટ છોડવાનો વર્ષો જુનો એટલે કે સને ૧૯૭૩થી પણ ઘણા વર્ષો પહેલાંથી હક્ક છે જ. આમ અભ્યારણ્યના જાહેરનામા પહેલાંથી એફલ્યુઅન્ટ વાયા ફલકુ, રણમાં છોડવામાં આવતું હતું. ૧૯૭૩ના અભ્યારણ્યના જાહેરનામાથી ફલકુ નદીનો તમા તેની બંને બાજુનો વિસ્તાર અભ્યારણ્યમાં સમાવવામાં આવેલ છે. એટલે કે ૧૯૭૩ પહેલાથી જ કંપની રણમાં એફલ્યુઅન્ટ છોડતી હતી અને તે તેનો Easement right છે. હવે સ્કીમ મુજબ એફલ્યુઅન્ટ ભુગર્ભ પાઈપલાઈન દ્વારા રણનો વિસ્તાર શરૂ થાય તે પહેલા સોકપીટ બનાવીને છોડવામાં આવે છે.

ઉપરોકત તમામ બાબતોનો અભ્યાસ કરેલ છે.

(૧) ઘુડખર અભ્યારણ્ય અંગેનું જાહેરનામુ તા.૧૨/૧/૧૯૭૩ના રોજ બહાર પાડવામાં આવ્યું તે પહેલાથી કંપની દ્વારા ફલકુ નદી મારફતે કચ્છના નાના રણમાં એફલ્યુઅન્ટ છોડવામાં આવતું હતું તે એક સ્વીકાર્ય હકીકત છે. સદર જાહેરનામાંથી ઘણા ગામ પાસેથી ફલકુ નદી પસાર થાય છે. તેની બંને બાજુ ટ્રાવર્સ સર્વેનંબરોનો સમાવેશ અભ્યારણ્યમાં કરવામાં આવેલ છે. એટલે કે, તા.૧૨/૧/૧૯૭૩ પહેલા એફલ્યુઅન્ટ છોડવામાં આવતું હતું. તે જમીનનો સમાવેશ ઘુડખર અભ્યારણ્યમાં કરવામાં આવેલ છે. એટલે ઘુડખર અભ્યારણ્યમાં કંપનીને એફલ્યુઅન્ટ છોડવાના અધિકાર (ઈઝમેન્ટ રાઈટ) ઘુડખર અભ્યારણ્યના અમલ પહેલાથી થાય છે.

વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ ૧૯ માં નવા હકકો સંપાદિત કરવા અંગે બાન છે. પરંતુ આ કેસમાં કારખાનાની જમીન તા.૨૩/૦૧/૧૯૩૯ વાળા કરારથી અમલમાં આવેલ છે.જયારે ઘળાની જમીન એ.૧૦-૧૮ગુ. અને માલવણની જમીન એ.૬-૨૫ગું.વાણી જમીન ત્યારબાદ તા.૦૧/૦૮/૧૯૮૫થી ૩૦ વર્ષના પટ્ટેથી આપવામાં આવેલ છે. તે જમીનો નામ.હાઈકોર્ટમાં કેસ નં.૪૭૨૫/૮૩ રજૂ થયેલ અને મંજૂર થયેલ કન્સેન્ટ પ્રમાણે સ્કીમ મુજબ અપાયેલ છે અને વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પણ એપ્રુવ કરવામાં આવેલ છે

કલેકટરશ્રી,સુરેન્દ્રનગર દ્વારા સને ૧૯૮૫થી જે બંને સર્વેનંબરની જમીન ભુગર્ભ પાઈપલાઈન માટે આપેલ છે, તે જમીનમાં સને ૧૯૭૩ના જાહેરનામા પહેલાંથી એટલે કે સને ૧૯૬૭પહેલાંથી કંપની આ બંને સર્વેનંબરને અડીને આવેલ ફલકુ નદી મારફતે રણમાં એફલ્યુઅન્ટ છોડતી હતી.જેનો સને ૧૯૭૩ના જાહેરનામામાં ઘુડખર અભ્યારણ્યમાં સમાવેશ કરવામાં આવેલ છે. હાઈકોર્ટમાં મંજૂર થયેલ સ્કીમથી માત્ર ફલકુ નદીના બદલે કિનારાની બાજુની જમીનમાંથી અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન દ્વારા એફલ્યુઅન્ટ પસાર થાય છે. એટલે કે હાઈકોર્ટમાં થયેલ મુદ્દાના મુજબ સને ૧૯૮૭ પછી એફલ્યુઅન્ટ છોડવાનો મોડ (Mode) જ બદલેલ છે.જે મુલ્યામાં છોડતા હતા તેને બદલે પાઈપલાઈન દ્વારા છોડવામાં આવે છે. અગાઉ રણમાં છોડતા હતા તેના બદલે મુળ જગ્યાથી પહેલા આ કચ્છના નાના રણથી પહેલા તૈયાર કરવામાં આવેલ સોકપીટમાં છોડવામાં આવે છે. તે મુજબ બંને સર્વેનંબરોની જમીનના અંદરના ભાગમાં પાઈપલાઈન નાંખીને એફલ્યુઅન્ટ છોડવામાં આવે છે. કંપનીની સ્કીમ નામદાર હાઈકોર્ટમાં મંજૂર થયા અંગે તેમજ કલેકટરશ્રીએ આપેલ જમીન અંગે વન વિભાગ દ્વારા તે લીઝ રદ કરવા અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. તે ઉપરાંત આ જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ એફલ્યુઅન્ટ છોડવાનું સ્થળ બદલવું નહી તેમ જણાવી સરકારશ્રીના વન વિભાગના તા.૦૬/૧૧/૮૭ના પત્રથી સ્કીમ મંજૂર રાખવામાં આવેલ છે. કંપની દ્વારા સ્કીમ મુજબ અમલ કરવામાં આવશે તેવો એકરાર પણ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ. નં.૪૭૨૫/૮૩માં કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૦૪/૦૪/૯૭ના જજમેન્ટમાં અભ્યારણ્યમાં આવેલ જમીનમાં નવી લીઝ ન આપવી તેમજ લીઝ રીન્યુ ન કરવી તેમ ઠરાવેલ છે.આ કેસમાં સને ૧૯૮૫માં પટ્ટેથી જમીન અપાયેલ હોઈ તે લીઝની મુદત પૂર્ણ થયા પછી કલેકટરશ્રી,સુરેન્દ્રનગરએ નિર્ણય કરવાનો રહે છે.

કંપનીએ કરેલ રજૂઆત મુજબ કલેકટરશ્રી,સુરેન્દ્રનગર દ્વારા જમીન અપાયેલ છે અને સદર કમીટીમાં કલેકટરશ્રી પણ સભ્ય હતા. તેથી કંપનીની રજૂઆત અન્વયે કલેકટરશ્રી,સુરેન્દ્રનગરને અત્રેથી તા.૨૭/૦૫/૦૫વાળા પત્રથી તેમજ તા.૨૫/૦૭/૦૫વાળા યાદી પત્રથી સદરહુ બાબતે વિગતો મંગાવેલ હતી. પરંતુ તેઓ તરફથી કોઈ વિગતો રજૂ થયેલ નથી.

પાના નં.-૬ ઉપર

કંપનીને અપાયેલ સદર જમીનોની અંગેએ જાતે તા.૦૧/૦૬/૦૫ના રોજ ડી.ઈ.એ.રે.શ્રી તથા સર્વેયરશ્રી સાથે મુલાકાત લીધેલ છે અને સ્થળ નિરિક્ષણ કરી, ટેકનીકલ અભિપ્રાય મેળવેલ છે. તે મુજબ વિવાદવાળી જમીન ફલકુ નદી તથા ફલકુ નદીના બંને કિનારે આવેલી સરકારશ્રીની ટ્રાવર્સની જમીનોનો ધુડખર અભ્યારણમાં સમાવેશ થાય છે. પરંતુ આ એકલ્યુઅન્ટ, પાઈપલાઈન ધ્વારા પાઈપલાઈનને જમીનની અંદર નીચે નાંખી પસાર કરવામાં આવેલ છે અને કચ્છના નાના રણાની પહેલા આવેલ થળા ગામના સદરહુ સરકારી ટ્રાવર્સની જે જમીન સદરહુ કંપનીને અપાયેલ છે તે જમીનમાં, જમીનની અંદર નીચેના ભાગમાં સોકપીટ બનાવી તેમાં નાંખવામાં આવે છે અને ઉપર જમીન ખુલ્લી રહે છે.

સબબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ :</u>

(૧) ઉપર ચર્ચા કર્યા મુજબ અરજદારશ્રી પ્રાંગધ્રા કેમીકલ વર્કસ,પ્રાંગધ્રા ને તા.૨૯/૦૧/૧૯૩૯ના કરારથી મીઠાના ઉત્પાદન માટે કુડા રણની જમીન એ.૫૪૨૮—૩૦ગું. તથા મીઠાના ઢગલા કરવા માટે કુડા ગામે સ.નં.૬૯ પૈકી એ.૧૦૬—૩૦ગું.વાળી જમીન તા.૧૨/૧/૧૯૭૩ના જાહેરનામા અગાઉથી કાયમી અપાયેલ હોઈ, હકક માન્ય કરવામાં આવે છે.

(૨) અરજદાર કંપનીને કુડા ગામે સ.નં.૬૯ પૈકી એ.૭—૨૮ગું.વાળી જમીન પ્રોગીન પ્લાન્ટ માટે તા.૧૭/૧૨/૧૯૭૫ વાળા હુકમથી એટલે કે તા.૧૨/૧/૧૯૭૩ના જાહેરનામા બાદ અપાયેલ હોઈ, હકક અમાન્ય કરવામાં આવે છે.

(૩) અરજદાર કંપનીને માલવણ ગામે સ.નં.૧૧૭૩ પૈકી એ.૬—૨૫ગું. અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન માટે તથા થળા ગામના સ.નં.૧૩૪૧ પૈકી એ.૧૦—૧૮ગું. અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન માટે તથા સોકપીટ બનાવવા માટે તા.૦૧/૦૮/૧૯૮૫થી ૩૦ વર્ષના લીઝ ઉપર આપવામાં આવેલ છે. આ જમીન કંપનીએ ધારણ કરેલ છે તે અન્વયે અગાઉ ચર્ચા કર્યા મુજબ કંપની ઈજારેન્ટ રાઈટ ધરાવે છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ. નં.૪૭૨૫/૮૩માં મંજુર કરેલ સ્કીમ પ્રમાણે આ જમીન ધારણ કરેલ હોઈ તે જમીન પરત્વે કંપનીનો હકક, ધારણ કરાયેલ પ્રકારે માન્ય કરવામાં આવે છે તથા વધીને આપવામાં આવેલ લીઝની મુદત પુરી થયે વધીએ સક્ષમ પ્રાધિકારીશ્રી પાસે લીઝ રીન્યુઅલ માટેની અરજી કરવાની રહેશે.અને સક્ષમ પ્રાધિકારીશ્રીનો હુકમ આખરી ગણાશે.

આજ તા.૧૨, માહેઃ ડીસેમ્બર ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીના સીલ સાથે હુકમ જાહેર કરવામાં આવ્યો.

(એ.બી.પરમાર)
અધિક કલેકટર
ધુડખર અભ્યારણ, સુરેન્દ્રનગર

<u>નકલ જય ભારત સહ રવાના ::—</u>

૧) કલેકટરશ્રી,સુરેન્દ્રનગર જિ. સુરેન્દ્રનગર.....જરૂરી તજવીજ સારૂ
૨) વન સંરક્ષક શ્રી , વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ..... જાણ સારૂ
૩) નાયબ કલેકટરશ્રી, પ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર .....જરૂરી તજવીજ સારૂ
૪) મામલતદારશ્રી, પ્રાંગધ્રા, તા. પ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર...જરૂરી તજવીજ સારૂ
૫) તલાટી કમ—મંત્રીશ્રી, કુડા,માલવણ,થળા, તા. પ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર.
૬) અભ્યારણ અધિક્ષકશ્રી, ધુડખર અભ્યારણની કચેરી, પ્રાંગધ્રા
૭) સીલેકટ ફાઈલે.

Annexure: XV

નં.જમન-૩-વશી-૭૭૬-૨૦૧૫.

કલેક્ટર કચેરી,
સુરેન્દ્રનગર તા.૨૮/૨/૨૦૧૫.

વિષય :- મોજે.પ્રાંગધ્રા તા. પ્રાંગધ્રા.
પ્રાંગધ્રા કેમીકલ વર્કસને દુષિત પાણીના નિકાલ માટે પાઈપ લાઈન નાખવા માટે ભાડાપટ્ટે ફાળવેલ જમીનનો ભાડાપટ્ટો પુરો થતાં રીન્યુ કરી આપવા બાબત
પ્રાંગધ્રા કેમીકલ વર્કસ, મે. પ્રાંગધ્રા



સંદર્ભ :- (૧) અત્રેના તા.૭/૬/૮૬ ના હુકમનં.જમન/૧/વ/૧૫૧૮ થી ૧૫૨૨.
(૨) અત્રેના તા.૨૭/૪/૮૮ ના સુધારાહુકમનં.જમન/૧/વ/૧૫૧૩ થી ૧૫૨૨.
(૩) અત્રેના તા.૧૩/૬/૮૮ ના સુધારાહુકમનં.જમન/૧/વ/૧૫૧૩ થી ૧૫૨૨.
(૪) અરજદાર સંસ્થાની તા. ૨૧/૭/૧૪ ની અરજી
(૫) મામ.શ્રી પ્રાંગધ્રાના તા.તા.૧૯/૨/૧૫ નો પત્ર.
(૬) નાયબ કલે.શ્રી પ્રાંગધ્રા ના તા.૨૦/૨/૧૫ થી આવેલ દરખાસ્ત.

-// હુ ક મ //-

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાંગધ્રા તાલુકાના પ્રાંગધ્રા ગામે પ્રાંગધ્રા કેમીકલ્સ વર્કસ લી. ને દુષિત પાણી-ના નિકાલ અર્થેની પાઈપલાઈન નાખવાના હેતુ માટે વંચાણે-૧ વાળા હુકમ તથા તે અન્વયેના વંચાણે- ૨ તથા ૩ વાળા સુધારા હુકમથી નીચેના કોષ્ટક મુજબના પ્રાંગધ્રા તાલુકાના ગામ તળ સર્વેનંબર વાળી જમીન ૩૦ વર્ષના ભાડાપટ્ટેથી આપવામાં આવેલ છે.

અ.નં.	ગામનું નામ	સર્વેનંબર	ફાળવેલ જમીન (એ.ગુ.)
૧	પ્રાંગધ્રા	૧૫૫૭/પૈ.	એ.૨-૨૨ ગુ.
૨	ઈસદ્રા	૧૫૮/પૈ.	એ.૮-૨૬ ગુ.
૩	વાવડી	૫૭૧/પૈ.	એ.૪-૧૯ ગુ.
૪	માલવણ	૧૧૭૩/પૈ.	એ.૬-૨૫ ગુ.
૫	થળા	૧૩૪૧/પૈ.	એ.૧૦-૧૮ ગુ.
		કુલ	એ.૩૨-૩૦ ગુ.

ઉપરોક્ત ફાળવેલ જમીનના ભાડાપટ્ટાની મુદત તા.૩૧/૭/૨૦૧૫ ના રોજ પુર્ણ થનાર હોય, જેથી વંચાણે-(૪) વાળી તા.૨૧/૭/૧૪ ની અરજીથી અરજદારશ્રીએ સવાલવાળી જમીનના ભાડાપટ્ટાની મુદત બીજા ત્રીસ વર્ષ માટે વધારી આપવા માંગણી કરેલ છે.

જે અન્વયે વંચાણે-(૫) તથા (૬) વાળા મામલતદારશ્રી પ્રાંગધ્રા તથા નાયબ કલેક્ટરશ્રી પ્રાંગધ્રાના પત્રોથી ભાડાપટ્ટાની મુદત વધુ ૩૦ વર્ષ માટે લંબાવી આપવા અભિપ્રાય સહ દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ શ્રી પ્રાંગધ્રા કેમીકલ્સ લીમીટેડ, પ્રાંગધ્રાને દુષિત પાણીના નિકાલ માટે ભાડાપટ્ટેથી આપવામાં આવેલ ઉપરોક્ત કોષ્ટક મુજબની કુલ એ.૩૨-૩૦ ગુ. જમીનના ભાડાપટ્ટાની મુદત તા.૧/૮/૨૦૧૫ થી તા.૩૧/૭/૨૦૪૫ સુધી વધુ ૩૦ વર્ષ માટે સદરહું જમીનનું ભાડુ પુર્ણ બજાર કિંમતના ૧૫ ટકા લેખેની રકમ વાર્ષિક ભાડાપેટે વસુલ લેવાની તેમજ નીચે મુજબની શરતે ભાડાપટ્ટો રીન્યુ કરી આપવા બાબી હુકમ કરવામાં આવે છે.

(૧) પટેદારે વાર્ષિક ભાડુ તથા ઈનટર વેરા લિ. અગાઉથી જમા કરવાનુ રહેશે. નિયત તારીખથી ૯૦ દિવસની મુદત બાદ કરતાં લેખે સાદુ વ્યાજ લેવામા આવશે. વ્યાજ સહીતનું ભાડુ ૨૪ માસમા જમા કરવામાં અરજદાર નિષ્ફળ જાયતો પટ્ટો રદકરવા હકદાર થવા સારૂ.

(૨) લિઝમેળીના હેતુ માટે ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીનોનુ ભાડુ પુર્ણ બજાર કિંમતના ૧૫ટકા લેખે વાર્ષિક ધોરણે વહીવટી કરી વસુલ લેવાનું રહેશે.

Scanned with CamScanner

(૩) આ કામે ૧ લી ઓગષ્ટના રોજની જમીનની માર્કેટ વેલ્યુ જિલ્લા મુલ્યાંકન સમિતિમાં નકકી કરાવી, તે મુજબ સવાલવાળી જમીનની પુર્ણ બજાર કિંમત નકકી કરાવી અને ત્યારે પછી મહેસુલ વિભાગના તારીખઃ૨૧/૧૦/૧૯૮૨ ના ઠરાવ અનુસાર વાર્ષિક ભાડુ પુર્ણ બજાર કિંમતના ૧૫ ટકા મુજબ નકકી કરવાનુ રહેશે.

(૪) પાંચ વર્ષ પછી છઠ્ઠા મહેસુલી વર્ષની ૧ લી ઓગષ્ટના રોજની જમીનની માર્કેટ વેલ્યુ જીલ્લા મુલ્યાંકન સમિતિમાં નકકી કરાવી, તે મુજબ સવાલવાળી જમીનની પુર્ણ બજાર કિંમત નકકી કરવાની રહેશે. અને ત્યાર પછી મહેસુલ વિભાગના તારીખઃ૨૧/૧૦/૧૯૮૨ ના ઠરાવ અનુસાર વાર્ષિક ભાડુ નકકી કરવાનુ રહેશે. તેમજ ઉપરની વિગતે દર પાંચ વર્ષ પછી છઠ્ઠા મહેસુલી વર્ષ ની ૧લી ઓગષ્ટ ના રોજ વખતો વખત ભાડુ નકકી કરવાનું રહેશે.

વધુમાં અત્રેની કચેરીના વંચાણ– ૧ થી ૩ ના તમામ હુકમમાં દર્શાવેલ શરતો યથાવત રહેશે. તેમજ આ બાબતે સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ તથા અન્ય નકકી થાય તે શરતોનું પાલન કરવાનુ રહેશે. જેમાં કોઈ પણ શરતોનો ભંગ થશે તો જમીન સંસ્થા પાસેથી વિના વળતરે સરકારશ્રી હસ્તક પરત લેવામાં આવશે. 0

કલેકટર
ગુજરાત રાજ્ય
સુરેન્દ્રનગર જિલ્લો

(ડી.બી.ભટ્ટ)
કલેકટર,
સુરેન્દ્રનગર જિલ્લો.

નકલ રવાનાઃ–

૧: નાયબ કલેકટરશ્રી,ધ્રાંગધ્રા તરફ... જાણ સારૂ .
૨: મામલતદારશ્રી,ધ્રાંગધ્રા.....અસલ પ્રકરણ સાથે યોગ્ય કાર્યવાહી અર્થે
૩: તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધ્રાંગધ્રા
૪: ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગર.
૫: ના.મામ., ઈ–૬૨ા મામ.કચેરી ધ્રાંગધ્રા... હુકમ મુજબ ગામ દફતરે નોંધ કરવા સારૂ.
૬: તલાટી–કમ–મંત્રીશ્રી,ધ્રાંગધ્રા, તા.ધ્રાંગધ્રા..દફતરે દાખલો રાખવા સારૂ.
૭: તલાટી–કમ–મંત્રીશ્રી,ઈસદ્રા, તા.ધ્રાંગધ્રા..દફતરે દાખલો રાખવા સારૂ.
૮: તલાટી–કમ–મંત્રીશ્રી,વાવડી, તા.ધ્રાંગધ્રા..દફતરે દાખલો રાખવા સારૂ.
૯: તલાટી–કમ–મંત્રીશ્રી,માલવણ, તા.ધ્રાંગધ્રા..દફતરે દાખલો રાખવા સારૂ.
૧૦: તલાટી–કમ–મંત્રીશ્રી,ચળા, તા.ધ્રાંગધ્રા..દફતરે દાખલો રાખવા સારૂ.
૧૧: મેનેજરશ્રી, ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ (ડી.સી.ડબ્લ્યુ.), ધ્રાંગધ્રા.
૧૨: ફિલેકટ ફાઈલે.

Scanned with CamScanner

GPCB

GUJARAT POLLUTION CONTROL BOARD

PARYAVARAN BHAVAN
Sector 10-A, Gandhinagar 382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

BY RPAD

In exercise of the power conferred under section 25 of the Water (Prevention and Control of Pollution) Act-1974, under section 21 of the Air (Prevention and Control of Pollution) Act-1981 and Authorization under rule 6(2) of the Hazardous & other Waste (Management, Handling and Tran boundary Movement) Rules, 2016 framed under the E (P) Act 1986.

And whereas Board has received consolidated application Inward ID No. 128810, dated 24/10/2017 for the consolidated consent and authorization (CC&A) of this Board under the provisions / rules of the aforesaid acts. Consent & Authorization is hereby granted as under.

CONSENTS AND AUTHORISATION:
(Under the provisions /rules of the aforesaid environmental acts)
TO,
M/S. DCW LIMITED (SODA ASH DIVISION)
NR.RAILWAY STATION,
DHRANGADHRA-363310,
TAL: DHRANGADHRA,
DIST:SURENDRANAGAR

1. Consent Order No.: AWH – 89939 date of Issue: 07/11/2017.

2 The consents shall be valid up to 06/11/2022 for operation of industrial plant for manufacture of the following items/products:

Sr. No.	Product	Quantity
1	Soda Ash	7650 MT/M
2	Soda Bicarb	1500 MT/M
3	Ammonium Bicarb	550 MT/M
4	Detergent Powder	3000 MT/M

3. CONDITIONS UNDER THE WATER ACT:

3.1 The quantity of trade effluent from the factory shall not exceed 3300 m^3/day.

3.2 The quantity of sewage from the factory shall not exceed 85 m^3/day.

Trade Effluent

3.3 The quality of industrial effluent shall conform to the following standards:

PARAMETERS	PERMISSIBLE LIMIT
PH	6.5 TO 8.5
Temperature	40° C
Suspended Solids	100 mg/l
Oil and Grease	10 mg/l
Ammonical Nitrogen	50 mg/l
BOD (5 days at 20°C)	30 mg/l
Tota Dissolved Solids	200 gm/l

- All efforts shall be made to remove colour & unpleasant odour as far as practicable.

3.4 The effluent confirming to the above standards shall be discharged into Run of Kutch at a distance of approximatey 20 kms from the factory through closed pipeline and all care shall be taken to prevent entry of effluent into sanctuary located nearby disposal point of pipeline.

3.5 Any other industrial effluent that not being disposed of through pipeline shall conform to the following standards before discharging it on land or in to stream.

BY RPAD

In exercise of the power conferred under section-25 of the Water (Prevention and Control of Pollution) Act-1974, under section-21 of the Air (Prevention and Control of Pollution) Act 1981 and Authorization under rule 5(2) of the Hazardous & other Waste (Management, Handling and Tran boundary Movement) Rules, 2016 framed under the E (P) Act-1986

And whereas Board has received consolidated application inward ID No. 128810, dated 24/10/2017 for the consolidated consent and authorization (C&A) of this Board under the provisions / rules of the aforesaid acts, Consent & Authorization is hereby granted as under.

CONSENTS AND AUTHORISATION:
(Under the provisions /rules of the aforesaid environmental acts)
TO,
M/S. DCW LIMITED (SODA ASH DIVISION)
NR.RAILWAY STATION,
DHRANGADHRA-363310,
TAL: DHRANGADHRA,
DIST-SURENDRANAGAR

1. Consent Order No.: AWH – 89939 date of issue: 07/11/2017.

2 The consents shall be valid up to **06/11/2022** for operation of industrial plant for manufacture of the following items/products:

Sr. No.	Product	Quantity
1	Soda Ash	7650 MT/M
2	Soda Bicarb	1300 MT/M
3	Ammonium Bicarb	550 MT/M
4	Detergent Powder	3000 MT/M

3. CONDITIONS UNDER THE WATER ACT:

3.1 The quantity of trade effluent from the factory shall not exceed **3300 m^3 /day.**

3.2 The quantity of sewage from the factory shall not exceed **85 m^3 /day.**

Trade Effluent

3.3 The quality of industrial effluent shall conform to the following standards:

PARAMETERS	PERMISSIBLE LIMIT
PH	6.5 TO 8.5
Temperature	40° C
Suspended Solids	100 mg/l
Oil and Grease	10 mg/l
Ammonica Nitrogen	50 mg/l
BOD (5 days at 20°C)	30 mg/l
Total Dissolved Solids	2100 g/m³

- All efforts shall be made to remove colour & unpleasant odour as far as practicable.

